













ડ્રોન તસવીર : ધવલ વાજા

# સમગ્ર બિલ્ડીંગમાં આવવા જવા માટે એક માત્ર દાદરો છતા બીયુ પરમીશન કઇ રીતે મળ્યું ?

કાળુભા રોડ પર આવેલા સમિપ કોમ્પલેક્ષમાં મોટાભાગની મિલકતો તબીબી ઉપયોગમાં લેવાઈ રહી છે. બિલ્ડીંગમાં બે હોસ્પિટલ આવેલા છે જેમાં નાઈસ ધ ચિલ્ડ્રન હોસ્પિટલ અને શુભમ ન્યુરો કેર હોસ્પિટલનો સમાવેશ થાય છે. હોસ્પિટલમાં દર્દીને સારવાર માટે દાખલ કરવાની વ્યવસ્થા રહેલી છે. આજે ઉપસ્થિતોમાં એક પ્રશ્ન ચર્ચાતો હતો કે સમગ્ર બિલ્ડીંગમાં આવવા જવા માટે એક જ દાદરો છે છતા બિલ્ડીંગના વપરાશ માટે પરમશીન કઈ રીતના મળી ? ઉપરાંત ફાયર એનઓસી આપતી વખતે પણ આ વાત ધ્યાને લેવાઈ હતી કે કેમ ? કોઈ આકસ્મિક સંજોગોમાં બચાવ માટે એક માત્ર રસ્તાથી કેમ બચી શકાય ? તે સહિતના સવાલ ઉઠ્યા છે.








## શહેરના અનેક વિસ્તારોમાંથી આગના ધુમાડા નજરે પડ્યા



કાળુભારોડ પર આજે સવારે આગની ઘટના બની તેના ધુમાડાના ગોટા આકાશમાં ઉચે સુધી જતા શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આગ ઘટનાના વિડીયો અને સોશિયલ મિડીયામાં ભારે વાયરલ થયા હતા. શહેરના અનેક વિસ્તારોમાંથી આગના ગોટા નજરે ચડતા હતા આથી નગરજનોમાં ચિંતા ઉઠા હતી. સદનસીબે આ બનાવમાં સમયસર બચાવ કામગીરી થતા કોઈ જાનહાની થઈ નથી.












તસવીર : ધવલ વાજા

## બિલ્ડીંગનો એક માત્ર દાદરામાં ધુમાડા ગોટા છવાતા હોસ્પિટલના બારીના કાચ તોડીને રેસ્ક્યુ

સમિપ કોમ્પલેક્ષમાં ઉપર જવા આવવા માટે એક માત્ર દાદરો છે. અંડરગ્રાઉન્ડ પાર્કિંગમાં લાગેલી આગના ધુમાડાના ગોટા સમગ્ર બિલ્ડીંગમાં ફેલાઈ ગયા હતા. આથી દાદરામાં પણ ધુમાડાના ગોટેગોટા ફેલાયા હતા તેવામાં જો કોઈ દાદરામાં જાય શ્વાસ રુંધાઈ જાય તેવી સ્થિતિ હતી. આથી હોસ્પિટલમાં બારીના કાચ તોડીને નવજાત શીશુઓને સીડી પરથી નીચે ઉતારાયા હતા. આ સાથે હોસ્પિટલમાં રહેલ અન્ય સંબંધીઓ અને દર્દીઓને પણ આ સીડી માર્ગે જ બહાર કાઢવાની ફરજ પડી હતી.

## કલેકટર, કમિશ્નર અને પોલીસ અધિકારીઓ દોડી ગયા

આગની ઘટના ભારે ચિંતા ઉપજાવે તેવી હતી આથી જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ, મ્યુનિ.કમિશ્નર એન.કે.મિના, સીટી ડીવાયએસપી સિંઘાલ સહિતના અધિકારીઓ દોડી ગયા હતા. ઉપરાંત અન્ય પોલીસ ઈન્સ્પેકટરો તથા પોલીસના સ્ટાફને બોલાવી લેવાયો હતો અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બીજી બાજુ શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રાજુ રાબડીયા સહિતના આગેવાનો પણ ઘટનાસ્થળે પહોચ્યા હતા.

## આગની ઘટનામાં જાનહાની ઈજા કે કોઈ અસરગ્રસ્ત નહીં : ચિફ ફાયર ઓફિસર

ભાવનગર મહાનગરપાલિકાના ચિફ ફાયર ઓફિસર પ્રદ્યુમનસિંહ જાડેજાએ ઘટના અંગે જણાવ્યું હતું કે આગના બનાવમાં તમામને બચાવી લેવાયા છે. આ ઘટનામાં કોઈ જાનહાની કે ઈજા થઈ નથી. આગના કારણે કોઈને અસર પણ નહીં થયાનું ઉમેર્યુ હતું. વધુમાં નવજાત શીશુઓને સારવાર માટે સર ટી હોસ્પિટલ ખસેડાયાનું જણાવ્યું હતું.